Sorthiya Duha (Gujarati Edition)

Meghani, Jhaverchand

VISIT...

LANZAROTE Caliente.com

સોરઠિયા દુહા

ઝવેરચંદ મેઘાણી

સંપાદક

મહેન્દ્ર મેઘાણી



sorthiya duha
a novel By JHAVERCHAND MEGHANI
Published by Gurjar Granthratna Karyalay,
Gandhi Road, Ahmedabad 380 001



પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
અમરભાઈ ઠાકોરલાલ શાહ : રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001
ફોન : 079-22144663, 09227044777
e-mail : goorjar@yahoo.com Website : www.gurjar.biz

ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ફોન : 26564279 email : bhagwatioffset@yahoo.com

Table of Contents

સંપાદકનું નિવેદન

પો તે શરૂ કરેલી ઉલ્લાસ 'વાચનમાળા'માં 'સંત દેવીદાસ', 'ચપટી ધૂળ' અને 'સંસાર' નામની ત્રણ પુસ્તિકાઓ આપ્યા બાદ મારા પિતાશ્રી ચોથી દુહાઓની એક પુસ્તિકા તૈયાર કરી રહ્યા હતા. ગયા માર્ચ માસમાં તેમનું અવસાન થયું તેના આગલા દિવસોમાં તેઓ એ પુસ્તિકા માટે દુહાઓ સ્મરણમાંથી કાગળ ઉપર ટપકાવી રહ્યા હતા અને પાછળથી તેના અર્થ પૂરવા દરેક દુહા નીચે જગ્યા છોડતા જતા હતા. એ રીતે સવાસોએક દુહાઓ ટપકાવ્યા બાદ તેમણે વીસેક દુહાઓના અર્થ પણ લખી નાખેલા. સાંજ પડી, અંધારું થયું, એટલે બાકીનું કામ બીજા દિવસ ઉપર બાકી રાખી તેઓ ઊઠ્યા. પણ વળતી સવારથી શરૂ થયેલા ગૅસના દુખાવાએ એમને ફરી કલમ હાથમાં લેવા દીધી નહિ, અને દુહાઓની એ પુસ્તિકા અધૂરી રહી.

જે સોએક દુહાઓના અર્થ આ રીતે વણપૂર્યા રહી ગયા હતા તે શોધવા માટે લોકસાહિત્ય ઉપરનાં પિતાશ્રીનાં 30-32 પુસ્તકો હું જોઈ ગયો. એ પુસ્તકોમાંથી ઘણાખરા દુહાઓના અર્થ જડ્યા, તેથી એ અહીં પિતાશ્રીના શબ્દોમાં જ આપી શકાયા છે. એ રીતે અર્થ શોધતાં-શોધતાં બીજા પણ અનેક દુહાઓ ઉમેરતાં કુલ 182 દુહાઓની આ પુસ્તિકા બની. કેટલાક દુહાઓના અર્થ ઉપરકહ્યાં પુસ્તકોમાં પણ ન મળવાથી જાણકાર સ્નેહીજનોની મદદથી એ બેસાર્યા છે. ગોઠવણી મારી છે.

આમ તો આ પુસ્તિકા સોરઠી દુહાઓની જ છે. પરંતુ કોઈ-કોઈ સોરઠી દુહાઓના સમાન અર્થવાળા કેટલાક રાજસ્થાની અને કચ્છી દુહાઓ પણ એમાં શામિલ છે.

ઘણાં વર્ષો પૂર્વે આવા થોડાક દુહાઓ મારા પિતાશ્રીએ કોલંબિયા ગ્રામોફોન કંપનીની એક રેકર્ડમાં ઉતારેલા છે તે બિના સોરઠી લોકવાણીના પ્રેમી શ્રોતાઓની જાણ માટે નોંધું છું.

9 ઑક્ટોબર 1947 મહેન્દ્ર મેઘાણી

અનુક્રમ

સોરઠિયા દુહા

[1]

રંગ રંગીલા ઠાકરા*,* કુંવર દશરથરા*!*
ભુજ રાવણરા ભંજિયા*,* આલી જાં ભંવરા*!*

હે દશરથના કુંવર, રંગીલા પ્રભુ રામ! તમને રંગ છે. તમે રાવણની ભુજાઓ ભાંગી. હે કુંવર! તમારા પર હું વારી જાઉં છું.

[2]

રામા*!* રજપૂતી તણો*,* આડો વાળ્યો આંક*!*
લીધા પે’લી લાંક*, (*તમે*)* દીધી દશરથરાઉત*.*

હે રામ! તમે તો રજપૂતીનો આડો આંક વાળ્યો ; કારણ કે લંકા લીધી તે પહેલાં તો તમે એ વિભીષણને ભેટ દઈ દીધી હતી, હે દશરથ રાજાના પુત્ર!

[3]

અનેક ભગત ઓધારિયા*,* નકળંક લેતાં નામ *;*
તું તારે દશરથ તણો*, (*તુંને*)* રંગ હો સીતારામ*!*

હે નકળંક! તમારું તો નામ લેતાં તમે અનેક ભક્તોનો ઉદ્ધાર કર્યો છે. હે દશરથના દીકરા, તું જ તારનાર છો. હે સીતારામ! રંગ છે તમને.

[4]

ભલેં ઊગા ભાણ, ભાણ તુંહારાં ભામણાં ;
મરણ જીયણ લગ માણ, રાખો કાશપરાઉત.

હે ભાનુ! તમે ભલે ઊગ્યા. તમારાં વારણાં લઉં છું, હે બાપ! હે કશ્યપ મુનિના કુમાર! એટલી જ યાચના છે કે મૃત્યુ સુધી અમારા માન-આબરૂનું જતન કરજો.

[5]

સામસામા ભડ આફળે, ભાંગે કેતારા ભ્રમ્મ,
તણ વેળા કાશપતણા, (તમે) સૂરજ રાખો શરમ્મ.

સામસામા શૂરવીરો લડી રહ્યા હોય, ભલભલા વીર પુરુષોની આબરૂ પણ ધૂળ મળતી હોય, તેવે યુદ્ધને ટાણે હે સૂરજ! હે કશ્યપના પુત્ર! તમે મારી ઇજ્જત રાખજો. મને મરદની રીતે મરવાની સુબુદ્ધિ દેજો. પીઠ દેખાડવાનો પાપી વિચાર મને ન કરવા દેજો.

[6]

તન ચોખાં, મન ઊજળાં, ભીતર રાખે ભાવ,
કિનકા બૂરા ન ચિંતવે, તાકુ રંગ ચડાવ.

શરીર જેનાં નિર્મળ છે, મન જેનાં ઊજળાં છે, પ્રેમની લાગણી જેઓ મનની અંદર રાખે છે, કોઈનું બૂરું ચિંતવતા નથી, તેવા પુરુષોને રંગ ચડાવજો.

[7]

ધનકું ઊંડાં નહ ધરે, રણમેં ખેલે દાવ,
ભાગી ફોજાં ભેડવે, તિનકું રંગ ચડાવ.

ધનને જેઓ સંતાડી રાખતા નથી, રણમેદાનમાં જે જંગ ખેલે છે, ને ભયથી ભાગી નીકળેલી ફોજને પણ જે પડકારી પાનો ચડાવી પાછી વાળી શત્રુનાં સૈન્ય સામે લડાવે તેમને રંગ ચડાવજો.

[8]

ભલ્લ ઘોડા, વલ્લ વંકડા, હલ્લ બાંધવા હથિયાર ;
ઝાઝી ફોજુંમાં ઝીંકવાં, મરવું એક જ વાર.

શોભીતો ઘોડો રાંગમાં હોય, શિર પર વાંકડિયા વાળ ઝૂલતા હોય, શરીર ઉપર હથિયાર ચકચકાટ કરતાં હોય : અહા! એવા સાચા વીરને એક જ વાર મરવાની – મોટી ફોજમાં ઝંપલાવીને ભલી વાતે મરવાની – ઝંખના હોય છે.

[9]

ધ્રમ જાતાં, ધર પલટતાં, ત્રિયા પડને તાવ ;
ઓ તીનું દિન મરણરા, કોણ રંક કોણ રાવ.

પોતાનો ધર્મ જાતો હોય, પોતાની ધરતી કહેતાં જનમભોમને કોઈ શત્રુ પાલટતો હોય અને સ્ત્રી સંકટમાં પડતી હોય, એ ત્રણ દિવસ માનવીને માટે મરી ફીટવાના છે, પછી ભલે માનવી રંક હોય કે રાય.

[10]

બેટા જાયા કવણ ગુણ, અવગુણ કવણ મૂવાં ;
જો ઊભાં ઘર આપણી, ગંજીજે અવરાં.

છતે દીકરે જો આપણી ધરતીને બીજાઓ ખૂંદી શકે, તો પછી દીકરા જન્મ્યા તેનો લાભ શું, અને મૂઆ તેની ખોટ શું?

[11]

ભોં ભીની, ઘોડા ભલા, ડાબા ઊપડિયા ;

(કાં) મરઘાનેણી માણવા, *(કાં)* ખગ વાવા ખડિયા.

જમીન ભીની છે, એમાં સરસ ડાબલા પડી રહ્યા છે, એટલે કે અહીંથી ઘોડા ઊપડ્યા લાગે છે. હે સખી! એવા ઘોડા ઉપાડીને આવી ઋતુમાં ઘોડેસ્વાર ક્યાં ગયા હશે? સખી જવાબ વાળે છે કે : ગયા હશે, કાં તો પોતાની મૃગનયનીને માણવા, અથવા તો રણસંગ્રામમાં ખડગ (ખડિયાહ) ચલાવવા.

[12]

મેં તો તુંને પરખિયો, તોરણ દેતે પગ્ગ ;

મરસી, ભડસી, મારસી, ખળ સર વાગી ખગ્ગ.

હે કંથ! તું પરણીને પોંખાવા આવ્યો ને મારા ઘરને તોરણે તેં પગ મૂક્યો ત્યારે જ હું તો તને પારખી ગઈ હતી કે તું શૂરવીર છો, કે તું રણમેદાનમાં જઈને લડનારો, દુશ્મનનાં માથાં પર તારું ખડગ ચલાવનારો, મારનારો અને મરી જાણનાર મરદ છો.

[13]

નગારાં ત્રંબક રડે, હોય મરદાં હલ્લ ;

શિર તૂટે ને ધડ લડે, આયો શેણ અમલ્લ.

જે મરદને કસુંબાનો રંગ બરાબર લાગ્યો હોય તે નગારા ઉપર દાંડી પડે ત્યારે લડાઈનો સાદ સાંભળીને નીકળી પડે અને એને એવું શૂરાતન વ્યાપી જાય કે યુદ્ધમાં એનું માથું કપાઈ ગયા પછી પણ ધડ લડતું રહે.

[14]

જે મુખ અમલ ન ચાખિયો, તુરી ન ખેંચ્યા તંગ ;

ફટ અલૂણા સાયબા, આપું તોં કીં અંગ.

સ્ત્રી કહે છે કે, જે પુરુષે કસુંબો ચાખ્યો નથી, જેણે ઘોડેસ્વારી કરી જાણી નથી તેવા અલૂણા – મીઠા વગરના માણસને મારા દેહનો સ્વામી હું કઈ રીતે બનાવી શકું?

[15]

તિખ્ખા તુરગ ન માણિયા, ભડ સિર ખગ્ગ ન ભગ્ગ,

જનમ અકારણ હી ગયો, ગોરી ગળે ન લગ્ગ.

જે પુરુષે તેજીલા ઘોડાની સવારી ન માણી, ભડવીર શત્રુનાં માથાં ઉપર પોતાનું ખડગ ન ભાંગ્યું અને ગોરી સુંદરીને ગળે ન લગાવી, તેનો જન્મ વૃથા જ ગયો.

[16]

હાથુંમાં હથિયાર, ગાહડમલ રાખે ઘણાં ;
ભારથ પડિયાં ભાર, કોઈક ઝીલે કિસનિયા.

હાથમાં હથિયાર લઈને તો કંઈક યોદ્ધાઓ ફરતા હોય છે, પણ હે કિસનિયા! જ્યારે ધીંગાણું મચે ત્યારે એમાંથી કોઈક વીરલા જ ઘા ઝીલવા ઊભા રહે છે.

[17]

કંથા, રણમેં જાય કે, કાંઈ જુએ છે સાથ?
તારાં સાથી તીન હે, હૈયું, કટારી ને હાથ.

હે કંથ! રણભૂમિમાં જતો-જતો તું તારા સંગાથીઓની વાટ શીદ જુએ છે? તારાં સાચાં સાથી તો ત્રણેય તારી પાસે જ છે તારું કલેજું, તારી કટાર, ને તારો હાથ. એ ત્રણ સાબૂત હશે તો બસ થશે.

[18]

રણરિયાં મ રોય, રોને રણ છાંડી ગિયાં ;
મુએ જ મંગળ હોય, રણ મચિયાં રાખાશનાં.

હે માતા, બહેન, પત્ની! રણસંગ્રામમાં રહી ગયેલાં (મુવેલાં)ને ન રોજે ; રોજે રણભૂમિ છોડી ભાગી ગયેલને. રણભૂમિમાં મુવે તો મંગળ જ થાય.

[19]

રાહબ, ઊઠે કમાણગર, મૂછમરોડ મ રોય ;
મરદ મરણો હક્ક હૈ, રોણો હક્ક ન હોય.

ઊઠ લડવૈયા, જેણે પોતાની મૂછને વળ દઈ જાણ્યા છે તેનાથી રડાય નહિ. મરદને તો માત્ર યુદ્ધમાં મરી ફીટવાનો જ હક્ક છે, રડવાનો એને અધિકાર નથી.

[20]

વાયે ફરકે મૂછડી, રયણ ઝબૂકે દંત ;
જુઓ પટોળાંવાળીઓ, લોબડીઆળીનો કંથ!

દુશ્મનો સામે લડીને એ સમરાંગણે સૂતો છતાંય એની સલામત મૂછો પવનમાં ફરકે છે, એના દાંતનો રતન જેવો ચળકાટ મૃત્યુએ પણ ઝંખવ્યો નથી. હે પાટણ – ગુજરાતની, સુંદર મુલાયમ પટોળાં પહેરનારી સ્ત્રીઓ, આ જાડી ઊનની લોબડી (કામળી) ઓઢનારી બથ્થડ સોરઠિયાણીના કંથને તો જુઓ! મૃત્યુ-ખોળે કેવો બંકડો શોભે છે!

[21]

સાયર લેરું થોડીયું, મુંજા ઘટમાં ઘણેરીયું ;
હકડી તડ ન પોગિયું, *(ત્યાં)* દૂજી ઊપડિયું.

(કોઈ કચ્છી લોકકવિએ ગાયું છે કે) સમુદ્રમાં તો લહેરો થોડી છે, વધુ તો મારા હૈયામાં છે. એક લહેર હજુ કાંઠે ન પહોંચી હોય ત્યાં તો બીજી ઊપડી જ હોય છે.

[22]

ગાલડિયું ગૂઢેરથજ્યું, વધીને વડ થિયું ;

ચંગે માડુએ ન પૂછીયું, (પછી) દલજી દલમેં રૈયું.

ગૂઢાર્થની વાતો મારા મનમાં વધીને વડ જેવડી થઈ, પણ કોઈ સુજન માણસે મને એ પૂછી નહિ ; (બેવકૂફને તો મેં કહી નહિ) એટલે પછી એ બધી વાતો દિલની દિલમાં જ રહી ગઈ.

[23]

મનવેધુ કોઈ મળ્યા નહિ, મળ્યા એટલા ગરજી ;

દિલની ભીતર જામા ફાટ્યા, કેમ સીવે દરજી!

મારા હૈયામાં ઊંડે-ઊંડે સંઘરેલી વાતોનો મરમ પારખનાર કોઈ મળ્યું નહિ. જેટલા મળ્યા એટલા બધા પોતપોતાના સ્વાર્થ પતાવીને જતા રહ્યા. આ કલેજારૂપી જામા ફાટી ગયા છે, પણ તે સામાન્ય દરજી જેવા માણસો કેમ કરીને સીવી શકે? એને માટે તો મનવેધુ જ જોઈએ.

[24]

દુહો દસમો વેદ, સમજે તેને સાલે ;

વિયાતલની વેણ્ય, વાંઝણી શું જાણે!

દુહા પણ પુરાણા વેદના જેટલા જ જ્ઞાન –ડહાપણથી ભરેલા હોય છે. અને માણસ સમજે તો એમાંથી ઘણું મેળવે છે. બાકી જે નથી સમજતા તેમને મન જ એની કાંઈ કિંમત નથી હોતી. બાળકને જન્મ દેનારી સ્ત્રીને કેટલી વેદના ભોગવવી પડે છે તે વાંઝણી શું જાણે?

[25]

દુવો(હો) દિલમાંય, ઉલટ વિણ આવે નહિ ;
ખાવું ખોળામાંય, ભૂખ વિના ભાવે નહિ.

માણસને ખોળામાં બેસાડીને ગમે તેટલાં માનપાનથી કે લાડથી ખવરાવો, પણ તેને ભૂખ ન હોય ત્યાં સુધી એ ભોજન ભાવતાં નથી. તેમ અંતરની અંદરથી આપોઆપ ઊમળકો ન ઊઠે ત્યાં સુધી માત્ર કોઈના કહેવાથી કે ધન-કીર્તિની લાલચથી કે બીજાં પ્રલોભનોથી સાચો દુહો રચી શકાતો નથી.

[26]

સોરઠિયો દુહો ભલો, ભલી મરવણરી બાત;
જોબન-છાઈ ધણ ભલી, તારા છાઈ રાત.

એક તો રૂડો કોઈ સુભાષિત સમો સોરઠી વાણીનો દુહો, બીજી રૂડી મારવાડની વાર્તા, ત્રીજી રૂડી જોબનવંતી સ્ત્રી અને ચોથી એવી રૂડી તે તારલિયે મઢેલી રાત્રિ.

[27]

સોરઠિયો દુહો ભલો, ઘોડો ભલો કુમેત ;
નારી તો નવલી ભલી, કપડું ભલું સફેત.

સૌ દુહાઓમાં સોરઠિયો દુહો વિશેષ રૂડો છે. તેમ ઘોડાંની અનેક જાતમાં કુમેત (ક્યાડા) રંગનો ઘોડો શ્રેષ્ઠ ગણાય છે, સ્ત્રી નવી પરણીને આવેલી હોય ત્યારે બહુ સારી હોય છે અને કપડું તો ઊજળું હોય ત્યારે જ શોભે છે.
[ક્યાડો : જેની કેશવાળી તથા પૂંછડાનો રંગ કાળો અને શરીર રાતું હોય એવો ઘોડો.]

[28]

સોરઠ મીઠી રાગણી, મીઠો રાગ મલાર ;
સેજે મીઠી સુંદરી, રણ મીઠી તલવાર.

અનેક પ્રકારનાં રાગ-રાગિણીઓમાં સોરઠ રાગિણી અને મલાર રાગની મીઠાશ નિરાળી છે. એ જ રીતે સ્ત્રી પથારીમાં મીઠી લાગે છે. તલવાર લડાઈના મેદાનમાં વહાલી લાગે છે.

[29]

ડુંગર વંકો ગાળિયે, ને વંકી સરણ્યે ;
રાજા વંકો રાવતે, ધણ્ય વંકી નેણે.

વાંકી ખીણવાળો ડુંગર, વાંકમાં વહેતી સરણીવાળી નદી : બંકા રાવતવાળો રાજા અને વાંકા ભમ્મરવાળી સ્ત્રી : એ ચારે, તો વાંકાં જ સારાં લાગે છે.

[30]

કોઈ ઘોડો, કોઈ પરખડો, કોઈ કુળવંતી નાર ;
સરજનહારે સરજિયાં, તીનું રતન સંસાર.

કોઈ-કોઈ જાતવંત ઘોડો, કોઈ-કોઈ વીર પુરુષ, ને કોઈ કુળવંતી નારી : એવાં ત્રણ રત્નો આ સંસારમાં સરજનહારે સરજ્યાં છે.

[31]

ઘોડાને ઘી પાતે, કામન! કર ગ્રહીએ નહિ ;
ચટકી દી’ ચડ્યે, પારકાં પોતાનાં કરે.

હે કામિની, ઘોડાને ઘી પાતાં તું મારો હાથ ન પકડ ; કારણ કે એ ઘી પીને તાકાતવાન બનશે તો જ (રાતમાં લૂંટેલો) પરાયો માલ પ્રભાતની જરી ચમકી ચડતાં ઘર ભેગી કરી શકશે.

[32]

આગ બટૂકે, વા ભ્રખે, ઘોડાં મોર્યે જાય ;
હું તુજ પૂછું કંથવા, ઇ હરણ કસાં ઘી ખાય!

ઘાસને અભાવે વગડાની ગરમ લૂ અને પવન ખાઈને પણ ટકનારા અને દોડવામાં ઘોડાંથી પણ આગળ નીકળી જનારાં જે હરણાં છે તેને ઘી ખાવા ક્યાં મળે છે, હે પતિ!

[33]

કાઠો, બગતર ને આદમી, ત્રણે લઈને જાય ;
હું તુજ પૂછું કામની, ઇ હરણાંથી શે થાય!

પણ હે અસ્ત્રી, હું તને એમ પૂછું છું કે ઘોડો તો પોતાનો સામાન, અસવાર અને તેનું બખ્તર, એ ત્રણનો બોજો પીઠ પર ઉઠાવી જાય છે : હરણાંથી એ ક્યાં થવાનું હતું!

[34]

ટાઢી અગ્નિ વન ડસે, જળ પથરા વેરન્ત ;
તરીયા રૂઠી જે કરે, (તે) દૈવે નહિ કરન્ત!

ટાઢી અગ્નિ – એટલે હિમ – આખા જંગલને ભરખી ખાય, અને પાણી પથ્થરને પણ વહેરી નાખે ; પરંતુ સ્ત્રી જ્યારે રૂઠે છે ત્યારે એ એવો કોપ બતાવે છે કે વિધાતા પણ એવું ન કરી શકે!

[35]

લંબવેણી, લજ્જા ઘણી, પોંચે પાતળિયાં ;
આછે સાંચે નિપાવિયાં, કો કો કામણિયાં.

લાંબા કેશવાળી, લાજાળી, પાતળા પોંચાવાળી, એવી તો કોઈ-કોઈ કામિની જ ભલા ભગવાને નિપજાવી છે.

[36]

કોણ દેવળરી પૂતળી, કોણે તને ઘડી સોનાર ;
કોણ રાજાની કુંવરી, કોણ પુરુષ ઘરનાર?

હે સુંદરી! તું તે ક્યા દેવળની પૂતળી છો? તને કયા સોનીએ ઘડી? તું કયા રાજાની કુંવરી, ને કયા ભાગ્યવંત પુરુષની ઘરનારી છો?

[37]

નહિ દેવળરી પૂતળી, નહિ મને ઘડી સોનાર,
અસૂરો રેવત ખેલવે, ઓઈ પુરુષ ઘરનાર.

હે પૂછનારા! હું નથી કોઈ દેવળની પૂતળી, નથી મને કોઈ સોનીએ ઘડી ; હું તો અસૂરી વેળાના ભયંકર સંજોગોમાં ઘોડી ખેલાવનાર વીર નરની ઘરનારી છું.

[38]

ઉદયાપુરરી કામણી, ગોખે કાઢે ગાત્ર ;
દેવાળુંરાં મન ડગે, માનવિયાં કુણ માત્ર!

ઉદેપુર –મેવાડની સુંદરીઓનાં રૂપ એવાં હોય છે કે મેડીને ઝરૂખેથી એ જરાક જ મુખ બહાર કાઢે ત્યાં આકાશના દેવોનાં મન પણ ચળી જાય છે – ત્યાં બિચારા માનવીનું તો પૂછવું જ શું!

[39]

જળ ઊંડાં, થળ ઊજળાં, નારી નવલે વેશ ;
પુરખ પટાધર નીપજે, આયો મરધર દેશ.

મારવાડ દેશમાં કૂવાનાં પાણી ઊંડાં ગયેલાં હોય છે, એની ધરતીનો રંગ ઊજળો છે. બીજા સર્વથી જુદો પડતો ઘેરદાર ઘાઘરાવાળો ત્યાંની સ્ત્રીઓનો વેશ છે અને ત્યાં શૂરવીર પુરુષો પેદા થાય છે.

[40]

મારૂઈ નાઈ ગંગજળ, ઊભી વેણ સુકાય ;
ચંદન કેરે રૂખડે, *(જેમ)* નાગ ઝપાટા ખાય.

મારવાડની સુંદરી માથાબોળ નહાઈને વાળ કોરા કરતી ઊભી હોય અને પવનમાં એનો ઘેઘૂર ચોટલો ડોલતો હોય, ત્યારે ચંદનવૃક્ષ ઉપર ફેણ માંડીને કોઈ નાગ ફૂંફાડા મારતો હોય તેવું લાગે છે.

[41]

ભલ ઘોડા, કાઠી ભલા, પેનીઢક પેરવેશ ;
રાજા જાદુવંશરા, ડોલરિયો કચ્છ દેશ.

જ્યાં પાણીદાર ઘોડાં નીપજે છે, જ્યાં ભોળા મનના કાઠીઓ વસે છે, જ્યાં સ્ત્રીઓ પગની પાની ઢંકાઈ જાય તેવો મરજાદવાળો પહેરવેશ પહેરે છે અને જ્યાં જદુવંશના રાજા રાજ્ય કરે છે, એવો મનોહર એ કચ્છ દેશ છે.

[42]

વંકા કુંવર, વિકટ ભડ, વંકા થીયેતા વછ ;
વંકા વછેરા ત થીયે, પાણી પીએ જો કચ્છ.

ગાયોના વાછડા, ઘોડીના વછેરા, ને માનવીના કુંવર, એ બધા કચ્છનું પાણી પીધ્યે વંકા – બંકા બને છે.

[43]

સરવો સોરઠ દેશ, *(જ્યાં)* સાવઝડાં સેજળ પીવે ;
બાળું પાટણ દેશ, *(જ્યાં)* પાણી વણ પોરાં મરે.

સોરઠની ભૂમિ સૌ દેશોથી ચઢિયાતી છે. અનેક નદી-ઝરણાં એમાં વહ્યાં જાય છે, અને કેટલાંય પશુ-પંખીઓનો સમૂહ એનાં પાણી પીએ છે. ક્યાં એવો સોહામણો સોરઠ દેશ, અને ક્યાં સુક્કો વેરાન પાટણ-પ્રદેશ, કે જ્યાં પાણીનાં જીવડાં પોરાં પણ જીવી શકતાં નથી!

[44]

કાઠિયાણી કડ્ય પાતળી, હલકતી માથે હેલ્ય ;
બરડા કેરી બજારમાં, ઢળકતી આવે ઢેલ.

બરડાની કાઠિયાણી પાતળી કેડવાળી – સૌંદર્યવંતી – હોય છે, અને માથે પાણીનું બેડું મૂકીને એ રસ્તા વચ્ચેથી ચાલી આવતી હોય ત્યારે જાણે ઢેલ ડોલતી આવતી હોય એવું લાગે છે.

[45]

વાજા ઠાકર ને અંબવન, ઘર ઘર રંભા-ઘેર ;
રેંટ ખટૂકે વાડીઆ, ભોં નીલી નાઘેર.

નાઘેરની લીલી રળિયામણી ધરતી ઉપર વાજા વંશના રજપૂતો વસે છે. મોટાં-મોટાં આંબાવાડિયાં ઊભાં છે, કેળોનાં ઝુંડ તો દરેક ઘરના આંગણામાં જામી ગયાં છે, અને કૂવાનાં પાણી રેંટ વડે ઉલેચાઈને ઘેઘૂર વાડીઓને પવાય છે.

[46]

કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ ;
નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ.

પાંચાળની જમીન રાતી છે, સુંદર સાલેમાળ ડુંગર છે, અને એ દેવભૂમિમાં શૂરવીર પુરુષો નીપજે છે.

[47]

ગૂઢે વસ્તરે ગોરિયાં, પગ પિંડીનો તાલ ;
પનઘટ ઉપર પરવરે, પડ જોવો પાંચાળ.

પાંચાળની સ્ત્રીઓમાં વિશેષ કરીને કાઠિયાણીઓ અને ચારણિયાણીઓ હોવાથી એનો પહેરવેશ કાળા રંગનો છે, અને દેહનો વર્ણ ગોરો છે એ રમણીઓ લચકાતે પગે નદીને તીરે પાણી ભરે છે.

[48]

ઓદરથી ઉરે સરસ, નાક નેણનો તાલ ;
ચાર હાથનો ચોટલો, પડ જોવો પાંચાળ.

જેવાં રૂપાળાં એ ગોરીઓનાં ઉદર, તેથી વધુ રૂપાળી એની છાતી છે. તેથી ય વધુ રળિયામણાં એનાં નાક અને નેણ છે. માથે લાંબા ચોટલા છે.

[49]

નરનારી બંને ભલાં, કદી ન આંગણ કાળ ;
આવેલાને આદર કરે, પડ જોવો પાંચાળ.

ઘેરઘેર પુરુષ અને સ્ત્રી બંને ઉદાર દિલનાં હોય છે. એમને આંગણે આવનાર દરેક માનવીની એ મોંઘેરી પરોણાગત કરે છે, એમને ઘેર કાંઈ કમીના નથી હોતી.

[50]

આછાં પાણી વીરડે, ધરતી લાંપડિયાળ ;
સરભર્યાં સારસ લવે, પડ જોવો પાંચાળ.

જેની ધરતી લાંપડ (કાંટાવાળા) ઊંચા ઘાસથી ઢંકાયેલી છે, જેની નદીઓના પટમાં વીરડા ગાળીને લોકો તલ જેવાં નિર્મળ પાણી પીવે છે, જેનાં ભરપૂર સરોવરડાંમાં સારસ પક્ષીઓ કિલ્લોલ કરતાં હોય છે, એવી દેવભૂમિ એ પાંચાળ છે.

[51]

નદી ખળકે નિઝરણાં, મલપત પીએ માલ ;
ગાળે કસુંબા ગોવાળિયા, પડ જોવો પાંચાળ.

જ્યાં નદીઓ અને ઝરણાંઓ ખળખળ વહી રહેલ છે, જ્યાં માલધારીના માલ (ગાયો – ભેંસો) ભરપૂર પાણીમાં મલપતાં-મલપતાં નીર પીવે છે. જ્યાં ગોવાળ લોકો અફીણના કસુંબા ગાળીને ગટગટાવે છે, એવો એ પાંચાળ દેશ છે.

[52]

ઠાંગો માંડણ ઠીક છે, કદી ન આંગણ કાળ,
ચાર પગાં ચરતાં ફરે, પડ જોવો પાંચાળ.

જ્યાં ઠાંગો અને માંડણ જેવાં વંકા ડુંગરા છે, દુષ્કાળ જ્યાં કદી પડતો નથી, જ્યાં ચોપગાં જાનવરો ચારો ચરતાં ફરે છે, એવો એ પાંચાળ છે.

[53]

તાતા તોરીંગ મૃગકૂદણા, લીલા પીળા લાલ ;
એવા વછેરા ઊછરે, પડ જોવો પાંચાળ.

જ્યાં હરણ જેવી ફાળ ભરનારા પાણીદાર રંગરંગના ઘોડા નીપજે છે. એવો એ પાંચાળ છે.

[54]

કૂકડકંધા મૃગકૂદણા, શત્રુને હૈયે સાલ ;
નવરંગ તોરીંગ નીપજે, પડ જોવો પાંચાળ.

જ્યાં કૂકડાના જેવી ઊભી ગરદનવાળા અને દુશ્મનોના હૃદયમાં શલ્ય સમ ખટકનારા રંગરંગના ઘોડા પેદા થાય છે, એવો એ પાંચાળ દેશ છે.

[55]

સાઠી ચાવલ, ભેંસ દૂધ, ઘર શીલવંતી નાર ;
ચોથી પીઠ તુરંગરી, સરગ-નિશાણી ચાર.

સ્વર્ગ જેવા સંસારની આ ચાર નિશાનીઓ છે : ખાવામાં સાઠીના ચોખા, પીવા ભેંસનું દૂધ, ઘરમાં શીલવંતી સ્ત્રી, ને ચડવા ઘોડો.

[56]

લૂખાં ભોજન, ભૂ સુવણ, ઘર કલહારી નાર ;
ચોથાં ફાટ્યાં લૂગડાં, નરક નિશાણી ચાર.

નરક જેવા જીવનની આ ચાર નિશાનીઓ : લૂખું ખાવાનું, ભોંયે સૂવાનું, ઘરમાં કજિયાળી નારી, ને ફાટેલાં કપડાં.

[57]

નીંદર ના’વે ત્રણ જણાં, કહો સખિ! કિયાં?
પ્રીત વછોયાં, બહુરણાં, ખટકે વેર હિયાં.

પોતાના પ્રીતિના પાત્રથી જે વિખૂટાં પડેલાં હોય, જેને માથે કરજનો બોજો હોય અને જેના હૈયામાં કોઈ વેર શૂળની માફક ખટક્યા કરતું હોય, એવાં ત્રણ પ્રકારનાં માનવીઓને, હે સખિ, ઊંઘ નથી આવતી.

[58]

ચંગા માડુ ઘર રહે, એ તિન અવગણ હોય ;
કાપડ ફાટે, રિણ વધે, નામ ન જાણે કોય.

સારો માણસ ઘેર બેસી રહે તો તેનાં ત્રણ માઠાં પરિણામો આવે : એક તો એ બેઠો-બેઠો લૂગડાં ફાડે, બીજું, માથે કરજ વધતું જાય, અને ત્રીજું, જગતમાં એની કીર્તિ ક્યાંય પ્રસરે નહિ.

[59]

પાંચ કોસે પાળો વસે, દસ કોસે અસવાર ;
કાં તો નાર કુભારજા, કાં નાહોલિયો ગમાર.

પુરુષ ગામતરેથી ઘર ભણી આવતો હોય. રસ્તે રાત પડી ગઈ હોય, અને તે ટાણે ઘેર પહોંચી જવાને બદલે કોઈક પારકે ગામ રાતવાસો કરીને પડ્યો રહે, એવો પુરુષ જો પગપાળો હોય ને ઘર પાંચ કે છ ગાઉ છેટું હોય, અગર ઘોડેસવાર હોય ને ઘર દસ ગાઉ દૂર રહ્યું હોય, તો સમજવું કે કાં તો ઘેર કુભારજા સ્ત્રી હોવી જોઈએ, અને કાં પછી પુરુષ પોતે જ ગમાર હોવો જોઈએ. નહિ તો કાંઈ ઘેર પહોંચ્યા વિના રહે?

[60]

કર પર પે'રે કડાં, કર પર કર મેલે નહિ ;
ઈ માણસ નૈ પણ મડાં, સાચું સોરઠિયો ભણે.

સોરઠિયો કહે છે, કે હે માનવીઓ, માણસ હાથમાં સોના –રૂપાનાં કડાં ભલે પહેરે, પણ એ પહેરનાર પોતાનો હાથ જો બીજાના હાથ ઉપર મૂકીને કાંઈ દાન દઈ શકતો ન હોય તો એની દોલત બધી નકામી છે, એ જીવતો મૂએલો સમાન છે.

[61]

મેમાનુંને માન, દલ ભરી દીધાં નહિ ;
(ઈ) મંદિર નૈ મસાણ, સાચું સોરઠિયો ભણે.

ઘેર આવેલા પરોણાનો જે પૂરા પ્રેમથી આદરસત્કાર ન કરતાં હોય તેમનાં ઘર જીવતાં માણસનાં ઘર નહિ પણ સૂના સ્મશાન સમાન છે, એવું સોરઠિયો કહે છે.

[62]

સફરાં પહેરે સૂત, ઓઢે પણ આપે નહિ ;
(ઈ) તનડાં નૈ, તાબૂત, સાચું સોરઠિયો ભણે.

જે માનવી પોતે તરેહવાર લૂગડાં પહેરતો હોય, પણ બીજાને એમાંથી કદીય કાંઈ ન આપતો હોય તેની શોભા તાબૂતના જેવી નિષ્પ્રાણ છે. તાબૂત ચાહ્યા તેવા રંગરંગીલા કાપડથી મઢેલો હોય, પણ તે બીજાને શા ખપનો!

[63]

સોજાં જેનાં શીલ, *(એનાં)* વરણ કાંઉ વચારિયેં ;
પ્રેહ્ લાદે ય પવિત્ર, *(નકે)* દાનવ હૂતો દાદવા!

હે દાદુ! જેનાં ચારિય સુંદર છે, નિર્મલ છે તેના વર્ણને – કોમને શીદ વિચારીએ? પ્રહ્ લાદ જન્મથી દાનવ હતો છતાં શું પવિત્ર નહોતો?

[64]

સવરણ કવરણ નોય, *(ભર)* કવરણ ઘર ઊછર્યો કરણ ;
કોયલ કસદ ન હોય, *(ભર)* દસ દે પાળી દાદવા.

હે દાદુ! કરણ છોને કુવર્ણને, હલકા વર્ણને (સૂતને) ઘેર ઊછરેલો, છતાં તે જાતવંત હતો તે

કજાત ન બન્યો. તેમ કોયલને છોને કુત્સિત સાદ (સ્વર)વાળી કાગડી ઉછેરે, છતાં કોયલ કદી કુસાદીલો – કર્કશ કંઠવાળો – થતો નથી.

[65]

કોયલડી ને કાગ, વાને વરતાયે નહિ ;
જીભલડીમાં જવાબ, સાચું સોરઠિયો ભણે.

કોયલ અને કાગડો, એ બંનેના રંગ એકસરખા શ્યામ હોય છે અને તેથી દેખાવમાં તો એ એકસરખાં જ લાગે છે. છતાં એ બેની જીભ વચ્ચે કેટલો મોટો તફાવત હોય છે! એની પરખ એમના રંગમાં નહિ પણ એમની જીભમાં રહેલી છે.

[66]

બહુ બોલે ને બહુ બકે, વલવલ કાઢે વેણ ;
કરડજો એને કાળોતરો, *(ભલે)* હોય પોતાનાં શેણ.

કોઈ બહુ બોલનારી, બહુ બકનારી, લવારી કરનારી સ્ત્રી ભલે એ પોતાની સજની હોય, તોયે એને કાળો નાગ કરડજો!

[67]

થોડું બોલે ને થરહરે, મરકીને કાઢે વેણ ;
(એને) કાંટો કે'દી ન વાગજો, *(ભલે)* હોય પારકાં શેણ.

ઓછાબોલી, આંચકો ખાનારી અને મોઢું મલકાવીને જ શબ્દો ઉચ્ચારનારી સ્ત્રી ભલેને બીજા કોઈની ઘરનારી હોય, તોયે એને કાંટો પણ ન વાગજો એવી દુવા દઉં છું.

[68]

કાળમુખાં ને રિસાળવાં*,* નીચાં ઢાળે નેણ *;*

*(*એને*)* કાળી નાગણ કરડજો*, (*મર*)* હોય પોતાનાં શેણ*.*

ગુસ્સાથી કાળું મોં કરનારી, રિસાળ, નીચી નજર ઢાળનારી એવી સ્ત્રી ભલે આપણી પોતાની સજની હોય તોપણ એને કાળી નાગણીના દંશ થજો.

[69]

હસમુખાં ને હેતાળવાં*,* અમૃત વરસે નેણ *;*

*(*એને*)* કાંટો કે*'*દી ન વાગજો*, (*મર*)* હોય પારકાં શેણ*.*

જે સ્ત્રી હસમુખી ને હેતાળ હોય, આંખોમાંથી જે અમૃત વરસાવતી હોય, તે ભલેને બીજાની સ્ત્રી હોય તોપણ એને કાંટો સુધ્ધાં ન વાગજો.

[70]

મુખ ઉપર મિઠિયાશ*,* ઘટમાંહી ખોટા ઘડે *;*

એહવાંસું ઈખલાસ*,* રાખીજે નહિ રાજિયા*!*

(કૃપારામજી) ચારણ પોતાના ખવાસ રાજિયાને કહી ગયા છે કે) હે રાજિયા! મોઢેથી જે મીઠું-મીઠું બોલતાં હોય પણ મનમાં જુદી જ જાતના ઘાટ ઘડતાં હોય તેવાં માનવીનો ભરોસો કદી ન કરજે.

[71]

મતલબની મનવાર, જગત જમાડે ચૂરમાં ;
વિણ મતલબ એક વાર, રાબ ન પીરસે રાજિયા!

હે રાજિયા! જગતમાં ચારેકોર સ્વાર્થનાં જ ચલણ છે. જગતને સ્વાર્થ હશે ત્યારે તું જ્યાં જઈશ ત્યાં સહુ તને ચૂરમા જેવાં મીઠાં ભોજન જમાડશે. પણ જે દિવસે જગતને સ્વાર્થ નહિ રહ્યો હોય તે દિવસે તો વાટકી રાબ પણ તને કોઈ નહિ આપે.

[72]

પલપલમાં કરે પ્યાર, પલપલમાં પલટે પરા ;
એ મતલબના યાર, રહેજે અળગો રાજિયા!

જરાજરામાં જે પ્રીત કરવા મંડી જાય છે અને પાછો વાતવાતમાં જેનો પ્રીત સંબંધ ઓછો થઈ જાય છે તેવાં માનવીમાત્ર સ્વાર્થનાં સાથી હોય છે ; હે રાજિયા, તું એવાનો સંગ ન કરતો.

[73]

સંપદમાં સંસાર, હર કોઈ હેતુ હુવે ;
વિપત પડ્યાની વાર, નેણ ન નીરખે નાથિયા!

હે નાથિયા! સુખમાં તો સંસારનાં સહુ માનવી તારા હેતુ-મિત્ર થવા આવશે. પણ જે દિવસે તારે માથે આપદા ને દુ :ખ આવશે તે દિવસે કોઈ તારી સામું પણ નહિ જુએ.

[74]

સમજદાર સુજાણ, નર અવસર ચૂકે નહિ ;
અવસરનાં ઓસાણ, રહે ઘણા દિ રાજિયા!

સમજુ માણસ કદી મોકો ચૂકતો નથી. ખરો અવસર જીવનમાં કોઈક વાર જ આવે છે, એટલે પછી ચૂકેલા અવસરના ઓરતા, હે રાજિયા! બહુ દિવસો સુધી રહી જાય છે.

[75]

ડુંગર જલતી લાય, જોવે તે સારી જગત ;
પરઝળતી નિજ પાય, રતિ ન સૂઝે રાજિયા.

દૂરના ડુંગરા ઉપર જે દવ લાગ્યો હોય તે તો જગત આખું જુએ છે. પણ હે રાજિયા! પોતાના પગ નીચે જે સળગ્યું હોય તે કોઈની આંખે સૂઝતું નથી : મતલબ કે દુનિયામાં બીજાના દોષ સહુને દેખાય છે, પણ પોતાની જાતની ખામી કોઈ જોઈ શકતું નથી.

[76]

બોલે સાચા બોલ, કાચી ના યારી કરે ;
તે માણસનું તોલ, મેરુ પ્રમાણે મોતિયા.

જે માણસ હૈયાને જે સાચું લાગે તે કહે છે અને ખોટી ખુશામત કદી કરતો નથી તેના બોલનું વજન, હે મોતિયા! મેરુ પર્વતના જેટલું સમજવું.

[77]

આદર કરે અપાર, તો ભોજન ભાજી ભલી ;
આણે મન એંકાર, કડવું ઘેવર કિસનિયા.

જ્યાં મહેમાનને પ્રીતથી આવકાર અપાતો હોય તે ઘર ભલે ગરીબ હોય અને ત્યાં ભોજનમાં સાદી ભાજી જ મળતી હોય તોપણ એ બહુ સારી. પરંતુ જે ઘરનો અહંકાર ક્યાંય સમાતો ન હોય ત્યાં તો, હે કિસનિયા! ઘેવર સમાં મિષ્ટાન્ન પણ કડવાં ઝેર બની જાય છે.

[78]

સોનું ઘડે સોનાર, કંદોઈ ખાજાં કરે,
ભોગે ભોગણહાર, કરમ પ્રમાણે કિસનિયા.

સોની સોનાના અનેક દાગીના બનાવે છે પણ પોતે એમાંથી કાંઈ પહેરવા પામતો નથી. વળી કંદોઈ જાતજાતની મીઠાઈ બનાવતો હોવા છતાં એ પોતાના પેટમાં નાખી શકતો નથી. એ દાગીના અને એ મીઠાઈ તો હે કિસનિયા! જેના નસીબમાં મંડાયાં હોય તે જ ભોગવે છે.

[79]

હાથી હીંડત દેખ, કૂકર લવ લવ કર મરે ;
વડપણ તણે વિવેક, ક્રોધ ન આણે કિસનિયા.

હાથીને ગામ વચ્ચેથી ચાલ્યો જતો જોઈને ઘણાં કૂતરાં ભસ્યા કરે છે. પરંતુ હાથીને તો પોતાની મોટાઈનું ભાન હોવાથી એ સંયમ રાખે છે અને ક્રોધ નથી કરતો, હે કિસનિયા!

[80]

મણધર વિખ અણમાવ, મોટા નહ ધારે મગજ ;
બીછ પૂછ બણાવ, રાખે સિર પર રાજિયા!

હે રાજિયા! પોતાની પાસે અમાપ વિષ હોવા છતાં મોટા મણિધર નાગો તે વિષશક્તિનો માથાપર ઠઠારો નથી કરતા, એ તો નાનકડો – નજીવા ઝેરવાળો – વીંછી જ આંકડો માથા પર ચડાવીને પોતાની શક્તિનું પ્રદર્શન કરતો કરે છે.

[81]

જણ મારગ કેસરી ગયા, રજ લાગી તરણાં ;
તો ખડ ઊભાં સૂકશે, નહિ ચાખે હરણાં.

જે રસ્તેથી સાવજ ચાલ્યો હોય અને એના પગની ધૂળ પણ જે ધરતીનાં તારણાંને લાગી હોય ત્યાં ઊગેલું ઘાસ તે પછી ઊભું ને ઊભું સુકાઈ જશે છતાં બિચારાં હરણાં એને ચાખવા ય નહિ આવે – એવો વનના રાજા સિંહનો પ્રભાવ છે.

[82]

મચ્છ મહાજળ હોય, કિયે અવગુણે કઢ્ઢિયો?
છલકી છેહ દિયો, કે સાયરે સંઘર્યો નહિ?

અરે હે મોટા મચ્છ! તારું તો ઊંડાં બહોળાં સાગરજળમાં જ સ્થાન હોય, તું આંહીં ખાડીને કાંઠે ક્યાંથી? શું તને ખુદ તારા પાલક સાગરે જ ન સાચવ્યો?

[83]

ગઈ વીળ વળે, વીળે વળાણું નહિ ;
સાનાની સંગતે, હાલીતળ હળવું પડ્યું.

(જવાબમાં મચ્છ કહે છે :) હું એક નાનકડા માછલાની સોબતે ચાલવાથી હલકો પડ્યો : એની સાથે-સાથે ભરતીની વેળ્યમાં આવ્યો તો ખરો, પણ ભરતીનો જુવાળ પાછો વળી ગયો તેની ખબર ન રહી ; ને હવે હું મહાકાય એ અલ્પકાયની માફક કેમ કરીને મહાજળમાં પહોંચું?

[84]

આણંદ કહે કરમાણદા, માણસે માણસે ફેર ;
(એક) લાખું દેતાં નવ મળે, એક ટકાનાં તેર.

આણંદ કહે છે, કે કરમાણંદ! માણસ-માણસ વચ્ચે બહુ ફેર હોય છે. કોઈક માનવી એવું હોય છે કે જે લાખ રૂપિયા દેતાંય ન મળે ; જ્યારે બીજા કેટલાય તો ટકાના તેર જેવા વાટમાં ભટકતા હોય છે.

[85]

આણંદ કહે કરમાણદા, રેંગાં કેમ રીઝન્ત ;
પહેલાં આવે પાટુએ, (પછી) ગડદે પેટ ભરન્ત.

હે કરમાણંદ, મૂરખા ગમાર લોકો તોફાનમસ્તી અને મારામારી ન કરે ત્યાં સુધી એમને ચેન વળતું નથી.

[86]

પાટિપંડ ઉપાય, તન લાગ્યાં તરવરિયાં ;
વડે જીભના ઘાવ, રતિ ન ઓખદ રાજિયા.

આ શરીર ઉપર તલવારના ઝાટકા પડ્યા હોય તો તેના પાટિપંડો અને બીજા અનેક ઉપચાર થઈ શકે છે. પણ હે રાજિયા! કોઈના શબ્દના ઘા પડ્યા હોય તો એનું ઓસડ કાંઈ મળતું નથી.

[87]

મોતી ભાંગ્યું વીંધતાં, મન ભાંગ્યું કવેણ ;
તાજી ભાંગ્યો તોળતાં, (એને) સાંધો ન કે સેણ.

ત્રણ વસ્તુઓ એક વાર ભાંગ્યા પછી તેને સાંધી શકાતી નથી ઃ વીંધતાં ભાંગી ગયેલું મોતી, કટુ વચને ભાંગેલું હૃદય અને પલોટતાં ભાંગી પડેલ ઘોડો.

[88]

મોતી ફાટ્યું વીંધતાં, મન ફાટ્યું એક બોલ ;
મોતી ફેર મગાઈ લ્યો, મન તો મિલે ન મોલ.

મોતી વીંધતાં-વીંધતાં ફાટી જાય તો એકને બદલે બીજું મોતી મગાવી લઈ શકાય છે, પણ એક જ કડવા વચનથી હૈયું ચિરાઈ જાય તો પછી ચાહ્ય તેટલાં મૂલ દેતાં ય એ ફરી સાંપડતું નથી.

[89]

મન મોતી ચખ મેર, પાકો ઘટ, મૂંગો, મુકુર ;
ફૂટ્યા એતા ફેર, મેલ્યા મિલે ન મોતિયા.

માનવીનું મન, મોંઘેરું મોતી, આંખની કીકી, માળાનો મેરુ મણકો, પાકો ઘડો, અમોલું પરવાળું અને અરીસો, એ સાત વસ્તુઓ એક વાર ભાંગી-ફૂટી જાય તો પછી એના ટુકડા મેળવીને ફરી આખી બનાવી શકાતી નથી.

[90]

કાચ-કટોરો, નૈણ-જલ, મોતી, દૂધ ને મન ;
એતાં ફાટ્યાં નવ મળે, લાખું કરો જતન.

કાચનું વાસણ, આંખનું તેજ, મોતી, દૂધ અને માણસનું મન – એ ચાર વાનાં ફૂટી-ભાંગી ગયા પછી ચાહ્ય તેટલી મહેનત કરો તોપણ ફરી અસલ સ્વરૂપ પામી શકતાં નથી.

[91]

ભાણું ભાંગ્યું હોય, (એને) રેવણ દઈને રાખિયેં ;
(પણ) કરમ ફૂટ્યું હોય, (એને) સાંધો ન મળે, સૂરના.

કોઈ વાસણ ભાંગ્યું હોય તો એને રેણ દઈને રાખી શકાય છે, પરંતુ માણસનું કરમ ફૂટી જાય તે પછી એને સાંધી શકાતું નથી.

[92]

કાપડ ફાટ્યું હોય, (એને) તાણો લઈને તૂનિયેં ;

(પણ) કાળજ ફાટ્યું હોય, (એને) સાંધો ન મળે, સૂરના!

લૂગડું ફાટ્યું હોય તો એને તૂની લઈને અસલ જેવું બનાવી શકાય છે, પરંતુ માનવીનું કાળજું એક વાર ચિરાઈ ગયા પછી એને ક્યાંય સાંધો કરી શકાતો નથી.

[93]

જોબન જાતે ત્રણ ગયાં, કહો સખિ કિયાં?

કંકુ, કાજળ ને કાંચકી, અંગથી અળગાં થિયાં.

હે સખિ! જોબન જતું રહ્યું તેની સાથે કઈ ત્રણ વસ્તુઓ ચાલી ગઈ? કપાળેથી કંકુ, આંખેથી આંજણ અને કેશમાંથી કાંસકીના શણગાર જોબનની સાથે જ ચાલ્યાં ગયાં છે.

[94]

જોબન જાતે ચાર ગયાં, કહો સખિ કિયાં?

કાન, કેસાં, દો નેણાં, જગમગિયા દંતા.

હે સખિ! જોબનની સાથે-સાથે કઈ ચાર વસ્તુઓ જતી રહી છે? કાન, કેશ, બે આંખો અને દાંત. સરવા કાનમાં બહેરાપણું આવી ગયું, કાળા ભમ્મર વાળ ધોળા થઈ ગયા, આંખોનાં તેજ ઊંડાં ઊતરી ગયાં અને ઊજળા, ચકચકિત દાંત પડી ગયા.

[95]

દંતડા, દિન સંભાર, શી શી ચીજું ચખાડિયું ;
લાજ્યા નહિ લગાર, હાડાં પહેલાં હાલિયાં!

ઘડપણ આવે છે ને દાંત એક પછી એક પડવા માંડે છે ત્યારે માનવી કહે છે, કે હે દાંત! આટઆટલા દિવસો સુધી તમને કેવી મીઠી-મીઠી વાનીઓ ખવરાવી હતી, તે છતાં આજે હજી અમારાં હાડકાં સાબૂત છે, અમારું શરીર ચાલે છે ત્યાં ઊઠીને તમે ચાલવા માંડ્યા! અરેરે, તમને શરમ પણ ન આવી?

[96]

અમને ન દેજો દોષ, જાયું તે સૌ જાવશે ;
રૂદા ન ધરજો રોષ, (અમારાં) પેઢાં પ્રતમ્યા પાળશે.

(ત્યારે દાંત કહે છે ઃ) હે માનવી, અમારી ઉપર રોષ ન કરશો. અમે જઈએ છીએ તેમાં અમારો વાંક નથી. જે જન્મે છે તેનો એક દિવસ નાશ થાય છે, એ તો કુદરતનો કાયદો છે. બાકી તો તમારી ને અમારી પ્રીતિ, પેઢાં ચાલુ રાખશે.

[97]

કાના, કેસા ને લોચના, ડગમગતે દાંતે ;
એને લાંછન લાગશે, એક જોબન જાતે.

એક જોબન જતું રહેશે તેનાથી કાન, માથાના વાળ, આંખો અને દાંતને કલંક લાગશે, એ ચારની શોભા ઓછી થશે – કાનમાંથી શણગાર ઊતરશે, વાળની શોભા ઘટશે, આંખો ઊંડી ઊતરશે અને દાંત હલવા માંડશે.

[98]

કાળા હતા કેશ, બદલાઈને બીજા થિયા ;
દલને ભોંઠપ દે છ, દુનિયાને કાંઉ દેખાડિયેં?

જોબન હતું ત્યારે જે માથાના વાળ કાળા ભમ્મર જેવા હતા તેનો રંગ આજ હવે જોબન જાતાં બદલાઈ ગયો છે, તેથી અમે ઘણી લજ્જા પામીએ છીએ કે દુનિયાને હવે મોઢું શી રીતે દેખાડશું!

[99]

જોબનિયા (તું) ધોબી હુઓ, ધોયા ચહુંધા દેશ ;
વણ પથરે વણ સાબુએ, (મારા) ઊજળા કીધા કેશ.

હે જોબનિયા! તેં તો ધોબી બનીને ચારેય દિશાના મુલક ધોઈ નાખ્યા, અને વગર છીપરે કે વગર સાબુએ મારા વાળ તેં ધોઈને ધોળા કરી નાખ્યા – તેં મને ઘડપણ લાવી દીધું.

[100]

જોબનિયા! તુંને જાળવ્યું, ચાર્યું સારી રાત ;
એવો અવગુણ શો કર્યો, (મને) લકડી દૈ ગયો હાથ?

હે જોબનિયા! તારું આટઆટલું જતન કર્યું, રાતભર તને ચારો ચરાવ્યો, અને તે છતાં જતાં-જતાં તું અમારા હાથમાં બુઢાપાની લાકડી પકડાવતો ગયો – એવો તે અમારો શો અપરાધ હતો, હેં ભલા!

[101]

જટિયા જુવાની ગઈ, ગઈ ચટકતી ચાલ ;
જિતે અંબોડો બાંધતાં, તિતે પડ ગઈ ટાલ.

જુવાની ચાલી ગઈ છે. ઝટઝટ ડગલાં ભરતાં હતાં તે પગનું જોમ જતું રહ્યું છે, અને જ્યાં લાંબા કેશનો મોટો બધો અંબોડો વાળતા હતા તે મસ્તકમાં હવે ટાલ પડી ગઈ છે.

[102]

ગોલણ કે' ગલઢાં થિયાં, જાંગે ભાંગ્યાં જોર ;
બબે બરછી વા કૂદતાં, (જે દી) નળીયું હતી નકોર.

જે દિવસે પગની નળીઓ સાબૂત હતી તે દિવસે અમે કૂદી-કૂદીને જમીનથી બે બરછી જેટલા ઊંચા ચાલતાં હતાં, પણ હવે ઘડપણ આવ્યું છે અને પગનાં જોમ ખૂટ્યાં છે, એટલે માંડ-માંડ ડગલાં ભરાય છે.

[103]

જોબન જોગી હો ગયા, ફેરી દે ગ્યા દ્વાર ;
મૈં પાપણ તાકત રહી, ફિર્યા ન દૂજી વાર.

જોબન જોગી બનીને નીકળ્યો અને એક વાર બારણે બારણે ફરી વળ્યો તે વખતે બેઠી-બેઠી જોઈ રહી, મેં એનું કાંઈ સ્વાગત કર્યું નહિ. હવે એનો ઘણોય ઓરતો થાય છે, પણ જોબન તો એક વાર આવીને જતું રહ્યું – ફરી એ પાછું ફર્યું નહિ.

[104]

જોબનને જીકારા ઘણા, ઘડપણને નહિ ઘેંશ ;
હાલીતલ હળવા થિયાં, કાળા મટી ગ્યાં કેશ.

જુવાનીમાં માણસને ‘જી હા! જી હા!’ કરનારા ખુશામતખોરો ઘણા મળે છે, પણ ઘડપણમાં એને કોઈ ઘેંશ પણ પાતું નથી, કારણ કે એના પગમાંથી જોર ખૂટ્યું હોય છે અને એના વાળ ધોળા થઈ ગયા હોય છે – શક્તિ કે રૂપ એનામાં રહ્યાં નથી હોતાં.

[105]

કાળપ મેલે કેશ, મન કાળપ મેલે નહિ ;
વણસી જાયે વેશ, (તોય) હૈયું હિંહોરા કરે.

વાળનો કાળો રંગ પણ વખત જતાં બદલાય છે, પરંતુ નીચ માનવીનું મન એની કાળપ – નીચતા મૂકતું નથી ; માણસ ઉપર ગરીબી આવી પડે, એ ચીંથરેહાલ બની જાય, ને છતાં લાલસા એના હૈયામાંથી ખસતી નથી.

[106]

તરિયા જોબન ત્રીશ લગ, ધોરી નવ ધરાં ;
પુરુષાં જોબન જ્યાં લગી, ઘીએ પેટ ભરાં.

સ્ત્રીનું જોબન ત્રીસ વરસ સુધી હોય છે, સારા બળદ સાંતી ઉપર નવ વરસ સુધી કામ આપે છે, અને પુરુષ જ્યાં સુધી ઘી ખાય છે ત્યાં સુધી જ એની જુવાનીનું જોમ જાળવી શકે છે.

[107]

પ્રીત ઈનુંસે કીજિયે, જામેં લખન બતીસ ;

ભીડ પડે ભાગે નહિ, દેવે અપના સીસ.

એવા બત્રીસલક્ષણા માનવી સાથે જ પ્રીત કરજો, કે જે મુસીબત આવી પડે ત્યારે પોતાના સ્વજનને છોડીને ભાગે નહિ, પણ પોતાનું માથું ડૂલ કરી દે.

[108]

પ્રીતિ એસી કીજિયે, જેસા ટંકણખાર ;

આપ જલે પર રીઝવે, ભાંગ્યાં સાંધે હાડ.

પતરાંને રેણ દઈને સાંધવામાં વપરાતો ટંકણખાર પોતે જાતે બળી જઈને પતરાને આખું બનાવી દે છે – એનું ભલું કરે છે, તેમ મનુષ્યે પોતાના સ્વાર્થ માટે નહિ પરંતુ જાતને ભોગે પણ સ્વજનને સુખી કરવા માટે પ્રીતિ કરવી જોઈએ.

[109]

કોઈ કટારી કર મરે, કોઈ મરે બિખ ખાય ;

પ્રીતિ એસી કીજિયેં, (જેનો) હાય કરે જીવ જાય.

એવા પ્રેમી તો ઘણા હોય છે કે જેમાંના એકનું મૃત્યુ થાય તો બીજું માનવી તેની પાછળ કટારી ખાઈને કે ઝેર પીને પ્રાણ કાઢી દે. પણ પ્રીત કરવી તો એવી કરવી કે, એકના મોતના સમાચાર સાંભળતાં જ બીજા માનવીને એવો આઘાત લાગે કે 'હાય!' કરતાં એના પ્રાણ એ પળે જ ઊડી જાય.

[110]

મેં જાણ્યું સજન પ્રીત ગઈ, પ્રીત તો જાશે મુવાં ;
સુતારી ઘેર લાકડાં, વેર્યાં થાશે જુવાં.

મને લાગ્યું કે સજનની અને મારી પ્રીત પૂરી થઈ ; પણ ના, ના, એ પ્રીત તો અમે જીવશું ત્યાં સુધી રહેવાની જ. સુતાર લાકડાંને વેરે ત્યારે જ એનાં બે ફાડિયાં જુદાં પડે છે તેમ અમે પણ મૃત્યુ પામશું તે દિવસે જ વિખૂટાં પડશું.

[111]

ચતુરન કી લાતાં ભલી, જલો મૂરખકી બાત ;
(ઉસ) લાતનસે સુખ ઉપજે, *(ઉસ)* બાતનસે ઘર જાત.

ચતુર નર લાત મારી લ્યે – કાંઈક ઠપકો આપી લ્યે – તોપણ મૂરખાની વાતો કરતાં એ સારી. એ લાતથી – એ ઠપકાથી – માણસને કાંઈક જ્ઞાન મળે છે અને પરિણામે એ સુખી બને છે, જ્યારે મૂરખની વાતોથી બાવા બનવાનો વખત આવે છે.

[112]

સજણાં પર ઘર જઈ કરી, દુ :ખ ન ગાર્યીં રોય ;
ભરમ ગમાવે આપણો, વેંચી ન લિયે કોય.

હે સજણ! પારકે ઘેર જઈને આપણાં દુ :ખ રોઈએ નહિ, કારણ કે પારકાં માનવીઓ આપણા દુ :ખમાં ભાગીદાર બનવાના નથી ; એથી તો ઊલટી આપણી આબરૂ જ જાય છે.

[113]

સજ્જન*!* દો મુખ મત કરો*,* દો મુખસે પત જાય *;*

દો મુખ ભયે પખાજકું*, (*સો*)* તીન ટકોરે ખાય*.*

હે સજ્જન, કદી બે મોઢે વાતો ન કરશો. સાચીખોટી વાતો કરનાર માણસ નક્કી પોતાની આબરૂ ગુમાવે છે. ઢોલક, કે જેને બે મોઢાં છે તેના ભાગ્યમાં સદાય પારકા હાથનાં ટપલાં ખાવાનું જ નિર્માયેલું હોય છે.

[114]

સજ્જન ભેલી બેઠકે*,* ચારોં નેન મિલાય *;*

સંપત્તિ તો કબુ મિલે*, (*પણ*)* સમા મિલે ન આય*.*

હે સાજન! તમારા વેપારધંધાને અળગા મૂકીને આવો, ઘડી બે ઘડી ચાર આંખો મેળવીએ અને ગોઠડી કરીએ. પૈસો તો ફરી મળશે, પરંતુ આજે આવેલો જોબનકાળ ફરી આવવાનો નથી.

[115]

પાગે બેડી પેરીએં*,* હાથે ડહકલાં હોય *;*

*(*પણ*)* નાગડા નેવળ નોય*,* આંખ્યું કેરે ઓડડે*.*

પગમાં બેડી હોઈ શકે, હાથે હાથકડી બંધાય, પરંતુ (પ્રેમીની) આંખોને પરહેજ કરવાનું કોઈ બંધન હોઈ શકતું નથી.

[116]

સાંજ પડન્તી દેખકે, ચકવી બેઠી રોય ;
ચલો પિયા ઉસ દેશમેં, (જ્યાં) રેન અંધેરા નોય.

રાત પડે ચક્રવાક ને પંખીનું જોડલું આંધળું બની જાય છે. અને બે નર-માદા વચ્ચે એક પાંદડું જ આડું હોય છતાં એ અનંત અંતરે પડ્યાં હોય તેમ એકબીજાને જોઈ-મળી શકતાં નથી. તેથી રાત પડતી વેળાએ વિયોગ આવતો જોઈને ચકવી રડી પડે છે અને ચક્રવાકને કહે છે કે, હે પ્રીતમ, ચાલો આપણે એવા દેશમાં ઊડી જઈએ કે જ્યાં રાત જ ન પડતી હોય, કે જેથી આપણે કદી વિખૂટાં પડવું ન પડે.

[117]

પ્રીતમ પતિયાં મેં લખું, જો કુછ અંતર હોય ;
અમ તમ જીવરા એક હે, દેખન કે તન દોય.

હે પ્રીતમ! આપણે એકબીજાથી દૂર પડ્યાં હોઈએ ત્યારે હું તમને કાગળ ભલે લખું, બાકી આપણાં દેખાવનાં બે શરીર જ જુદાં છે, આપણો જીવ તો એક જ થઈ ગયો છે – મતલબ કે જ્યાં એક છે ત્યાં બીજું છે જ, એને પત્રની કાંઈ જરૂર નથી.

[118]

પ્રીતમ પ્રીત લગાય કે, દૂરના દેશ મત જાવ ;
રહો હમારે નગરમેં, અમ લાવે તુમ ખાવ.

હે પ્રીતમ! મને તમારી લગની લગાડીને પછી દેશાવર ખેડવા ચાલ્યા જાવ મા. તમે આ મારા ગામમાં જ રહો, અને અહીં બીજો કાંઈ ધંધો રોજગાર નહિ મળે તો હું ગામમાંથી માગી-માગીને લાવીશ અને તમને ખવરાવીશ.

[119]

કાગદ લખું કપૂર સે, બિચ બિચ લખું સલામ ;
જો દિન કે પિયુ વિસરે, સો દિન નિંદ હરામ.

જે દિવસે પિયુ પરગામ ગયા તે દિવસથી મારી ઊંઘ ઊડી ગઈ છે. બેઠી-બેઠી હું પિયુને કાગળ લખ્યા કરું છું.

[120]

કાગદ થોડો હેત ઘણો, મુખસે લિખ્યો ન જાય ;
સાગરમેં પાણી ઘણો, ગાગરમેં ન સમાય.

હે પ્રીતમ! તમને કાગળ લખવા બેસું છું, પણ મારા હૈયામાં જે ભર્યું છે તે બહાર નથી આવી શકતું. મારે પ્રેમ અપાર છે, કાગળ એને ટૂંકો પડે છે. સાગર જેટલો અપાર એ પ્રેમ ગાગરરૂપી કાગળની ચબરખીમાં કેમ કરીને સમાય?

[121]

પિયુ પિયુ કરતાં પીળી ભઈ, લોક જાણે પાંડુ રોગ ;
છાની લાંઘણ મેં કરું, પિયા મિલન સંજોગ.

પિયુ કાજે ઝંખતાં-ઝંખતાં હું વિરહીણી પીળી પડી ગઈ છું, પણ લોકો સમજે છે કે મને પાંડુ રોગ થયો છે. પિયુનો મેળાપ ન થાય ત્યાં સુધી હું છાની-છાની લાંઘણો ખેંચું છું તેની લોકોને ક્યાં ખબર છે!

[122]

પ્રીતમ તેરે દરશ બિન, સૂકો શામ શરીર ;
પાપી નેનાં ના સૂકે, ભરભર આવે નીર.

હે પ્રીતમ! તારા મેળાપ વિના મારી કાયા સુકાવા માંડી છે, પણ તારા દર્શનઘેલી આ આંખો કેમે ય કરીને સુકાતી જ નથી ; એમાંથી આંસુનાં ઝરણાં નિરંતર વહ્યા જ કરે છે.

[123]

પિયુ પિયુ કર પ્યાસી ભઈ, જલ મેં પેઠી ન્હાય ;
શિર પર પાની ફિર વળ્યો, પિયુ બિન પ્યાસ ન જાય.

પિયુને માટે તલસતી સ્ત્રી જાણે કે તૃષાતુર બની ગઈ છે. એ સરોવરમાં પડીને માથાબૂડ પાણીમાં ન્હાય છે છતાં પિયુ વિના એના હૈયાની તરસ બુઝાતી નથી.

[124]

જો મેં ઐસા જાનતી, પ્રીત કિયે દુ :ખ હોય ;
નગર ઢંઢેરા ફેરતી, પ્રીત ન કરિયો કોઈ.

જો મને એવી ખબર હોત કે પ્રીત કરીને પછી દુ :ખી થવું પડે છે, તો શહેરની ગલીએ-ગલીએ ફરીને હું ઢંઢેરો પીટત કે હે માનવીઓ, આજ પછીથી હવે કોઈ કોઈને પ્રીત કરશો નહિ!

[125]

પ્રીત કરી સુખ લેન કું, ઉલટ ભઈ દુ :ખ દેન ;
પહેલી આગ લગાય કે, દોડ્યો પાની લેન.

પ્રીત કરતી વેળા મને એમ હતું કે હું સુખ પામીશ, પણ એણે તો ઊલટી મને દુ :ખી કરી મૂકી. પ્રીત કરીને પહેલાં મેં જ મારે હાથે મારા હૈયામાં આગ ચાંપી દીધી, અને હવે એ આગને બુઝાવવા હું પાણીની શોધમાં નીકળ્યો છું.

[126]

આહ કરું તો જગ જલે, જંગલ ભી જલ જાય ;
પાપી જીવડો નવ જલે, જેમાં આહ સમાય.

મારા દિલમાં વેદનાની લાય એવી બળે છે કે જંગલને અને આખી દુનિયાને સળગાવી મૂકે તેમ છે. પણ એક મને અભાગીને એ બાળી નથી શકતી, મારું મોત એ નથી લાવતી.

[127]

સજન, ચીણગી પ્યાર કી, રહી કલેજે લાગ ;
જેસી ધૂણી અતીત કી, જબ ખોલું તબ આગ.

પ્રીતની ચિનગારી એક વાર કલેજામાં લાગી પછી તે કદી બુઝાતી નથી, કોઈ યોગીની ધૂણીની માફક એને જ્યારે ઊખેળીને જુઓ ત્યારે એ જલતી જ દેખાય છે.

[128]

સજન સુવાણી સ્નેહ કી, પરમુખ કહી ન જાય ;
મૂગે કું સપનો ભયો, સમજ સમજ પછતાય.

મૂંગાને સ્વપ્નું આવે અને બધું જાણવા છતાં એ જેમ કોઈને કાંઈ કહી શકતો નથી અને મૂંગો-મૂંગો સંતાપ અનુભવે છે, તેમ હે સાજન! સ્નેહની વાત કોઈ કોઈને કહી શકતું નથી, એ તો જેણે અનુભવી હોય તેને જ સમજાય.

[129]

સામેરી સજણ વળાવિયાં, તાતી વેળુમાંય ;
જો સરજી હોત વાદળી, (તો) પિયુને પલપલ ઢળત છાંય.

પરગામ જતા સજણ વિદાય લઈને ધગધગતી રેતીવાળા પંથ ઉપર ચાલી નીકળે છે ત્યારે સ્ત્રીને થાય છે કે, ભગવાને જો મને વાદળી બનાવી હોત તો આકાશમાંથી પિયુને માથે છાંયો ઢાળતી-ઢાળતી એની સાથે ચાલી જાત!

[130]

પ્યાસે ચાહત નીર કું ; થક્કા ચાહત છાંય ;
હમે ચાહત તુમ મિલન કું, કર કર લંબી બાંય.

તરસ્યાં માનવી જેમ પાણી માટે તલસે છે, થાક્યાં વટેમાર્ગુઓ જેમ શીતળ છાયાને ઝંખે છે તેમ, હે મારા માલિક, અમે તમને મળવા માટે તલસી રહ્યાં છીએ.

[131]

જો વિસારું વલહા, ઘડી એક મુંજા ઘટમાં ;

(તો તો) ખાંપણમાંય ખતા, (મુંને) મરણ સજાયું નહ મળે.

હે પિયુ! તને જો હું ઘડીભર પણ મારા હૃદયથી વિસારું તો-તો મારું મોત બગડજો, મૃત્યુ વખતે મને સારી મરણપથારી પણ ન મળજો – અરે મારી લાશ કફનના ટુકડા વગરની ઉઘાડી રઝળજો!

[132]

જો વિસારું વલહા! રૂદિયામાંથી રૂપ ;

(તો) લગે ઓતરજી લૂક, થર બાબીડી થઈ ફરું!

મારા હૃદયમાંથી હું તારું રૂપ ભૂલું, તો તો મૃત્યુ પછી મારો આત્મા બાબીડા પક્ષીની માદા બાબીડીનો અવતાર પામીને ઝૂર્યા કરજો. ક્યાં? કોઈ આંબાવાડિયામાં? નહિ, નહિ, થરપારકરના રણની અંદર ઝૂરતી બાબીડી. એ સળગતી મરુભોમમાં હું બાબીડી પંખિણી સરજાઉં, ને ઉત્તર દિશાની આગઝરતી લૂ વચ્ચે હું વલવલ્યા કરું, એવી મારી દુર્ગતિ થજો!

[133]

કાગા સબ તન ખાઈયો, ખાઈયો ચૂંન ચૂંન માંસ ;

મત ખાઈયો દો આંખડી, પિયા મિલન કી આસ.

પ્રિયા પ્રિયા ઝંખતો હું મરી જાઉં તે પછી, હે કાગપક્ષીઓ! મારું આખું શરીર તમે ભલે ફોલી ખાજો અને માંસના લોચેલોચા ઉઠાવી જજો, પરંતુ મારી બે આંખો એમ ને એમ રહેવા દેજો, કે જેથી મૃત્યુ પછી પણ પ્રિયા આવે તો એ ઉઘાડી આંખો વાટે હું એનાં દર્શન કરી શકું.

[134]

હાલ હૈડા જીરાણમેં, શેણાંને કરીયેં સાદ ;

મટ્ટીસેં મટ્ટી મિલી, (તોય) હોંકારો દીયે હાડ.

ઓ મારા હૃદય, ચાલો સ્મશાનમાં! ત્યાં જઈ સજણને સાદ કરીએ. ભલે એની માટી માટીમાં મળી ગઈ – પણ એનાં હાડકાં તો હજુ પડ્યાં છે ને? એ હાડકાં ઊઠીને હોંકારો દેશે.

[135]

લાખો કે' મું બારીયો લાસી છીપરિયાં ;

(જ્યાં) હાથ હિલોળે પગ ઘસે, ગહકે ગોરલિયાં.

લાખો કહે છે કે ઓ ભાઈઓ! મને મૂવા પછી કોઈ લીસી છીપરી ઉપર જ બાળજો, કે જે છીપરી પર રમણીઓએ વસ્ત્રો ધોતાં-ધોતાં હાથ હિલોળ્યા હોય, પોતાના કોમળ પગની પાનીઓ ઘસી હોય, ને નહાતાં –ધોતાં ટીકા કર્યા હોય!

[136]

જતે નમી વડ છાંય, (અને) ખોડી થંભ થિયાં ;

લંબી કર કર બાંય, ચડે ચુડા વારીયું.

ઓહો! જ્યાં આવી છાંયડીવાળી વડ-ઘટા ઢળી હોય ત્યાં જ હું જલદી મરી જઈને ખાંભી

રૂપે ખોડાઈ જવા ચાહું છું. કે જેથી ચૂડલાવાળી રમણીઓ એ મારા પથ્થર-દેહ પર પગ મેલીને હાથ લંબાવીને વડલે હીંચોળા ખાશે!

[137]

સીંદોર ચડાવે સગાં*,* દીવો ને નાળિયેર દોય *;*

*(*પણ*)* લોડણ ચડાવે લોય*, (*તારી*)* ખાંભી માથે*,* ખીમરા*!*

ઓ વહાલા ખીમરા! તારાં સગાં તો તારી ખાંભી ઉપર સિંદૂર ચડાવે છે, દીવો પ્રગટાવી શ્રીફળ વધેરે છે ; પણ તારી પ્રિયતમા લોડણ તો પોતાનાં લોહી જ ચડાવી રહી છે.

[138]

સૌ રોતો સંસાર*, (*એને*)* પાંપણીએ પાણી પડે *;*

*(*પણ*)* ભૂત રુવે ભેંકાર*, (*એને*)* લોચનિયે લોહી ઝરે*!*

સંસારમાં તમામ માનવીઓ રુવે છે ત્યારે એ બધાંની આંખોમાંથી આંસુ દડે છે. પરંતુ ભૂતનાં રુદન ભયંકર હોય છે. હૈયાનાં લોહી નીતરી નીતરીને એનાં લોચનમાંથી ઝરે છે. ભૂતના અંતરની વેદના કેવી વસમી! ઓહો, કેવી દારુણ!

[139]

ઊંડા સમંદ અનેક*,* મોતીના ખાવણ મિલે *;*

હંસને વાલું એક*,* માનસરોવર મોતિયા*.*

એવા ઊંડા સમુદ્ર તો અનેક છે, કે જ્યાં મોતીનો ચારો મળી રહે, પણ હે મોતિયા! હંસને તો એક એનું માનસરોવર જ વહાલું છે ; એને છોડીને એ બીજે ક્યાંય જતો નથી.

[140]

ઊડો ઊડો પંખિયાં, મ કરો મોરી આશ ;
હમ જલતે હૈ પાંખવિણ, તું જલત હૈ કાંય?

વનમાં દવ લાગ્યો છે. જંગલનું એક ઝાડ તેની ઉપરથી હજીય ન ઊડી ગયેલાં પક્ષીઓને કહે છે કે, હે પંખીડાં, તમે ઊડીને નાસી છૂટો, મારી વાટ ન જુઓ. મારે તો પાંખ નથી તેથી હું ભાગી નથી શકતું અને લાઇલાજ બનીને આગમાં સળગું છું, પણ તમે છતી પાંખે શીદને બળો છો?

[141]

પાન બગાડ્યાં, ફળ ચર્યાં, બેઠાં શીતળ છાંય ;
(આજ) તુમ જલો હમ ઊડિયેં, જીવન કા ફલ કાંય?

ત્યારે વૃક્ષ ઉપરનાં પંખી જવાબ આપે છે કે હે મિત્ર! આટઆટલા વખતથી અમે તારા શીતળ છાંયામાં રહ્યાં, તારાં કેટલાંય ફળ ખાઈ-ખાઈને અમે પેટ ભર્યાં, તારાં અસંખ્ય પાંદડાં અમે બગાડ્યાં, અને આજ હવે તને આગમાં સળગતું મૂકીને અમે ઊડી નીકળીએ તો તો પછી અમારું જીવતર ધૂળ જ ગણાય ને!

[142]

સર સૂકત પંછી ઊડે, સરવર અવર સમાહિ ;
દીન મીન બિન પંખકે, કહો રહીમ કિત જાહિ?

(અકબર બાદશાહના દીવાન અબ્દુલ રહીમ કહી ગયા છે કે) સરોવર સુકાઈ ગયું ત્યારે એને કાંઠે વસનારાં પંખી ઊડીને બીજા જલભર્યા સરોવરને કિનારે જઈ વસ્યાં, પણ બિચારી પાંખ વિનાની માછલીઓ તો ત્યાંથી ક્યાં જાય? એનું શું?

[143]

નારી મંડાણ નાવલો, ધરતી મંડાણ મેહ ;
પુરષાં મંડણ ધણ્ય સહી, એમાં નહિ સંદેહ.

સ્ત્રીની શોભા જેમ તેનો પતિ છે, ધરતીની શોભા જેમ વરસાદ છે, તેમ પુરુષની શોભા પણ તેની ગૃહિણી જ છે, એ શંકા વિનાની વાત છે.

[144]

જોઈ વોરિયેં જાત, મરતાં લગ મેલે નહિ ;
પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહિ.

હે માનવો! તું પ્રીત-સંબંધ જેનીતેની સાથે ન બાંધતો. કોઈ એવું જાતવંત માણસ શોધીને પછી જ એને પોતાનું બનાવજે કે જે સુખદુ :ખમાં સદા તારી સાથે જ રહે. પટોળા પર પડેલી ભાત જેમ લૂગડું ફાટે તોપણ ઊડી જતી નથી તેમ એનાં પ્રીત-સંબંધ પણ કાયમ ટકી રહે.

[145]

મોંઘા માલ મળ્યે, સોંઘા સાટવિયેં નહિ ;
ખૂંધાં કોણ ખમે, જાત વન્યાનાં જોગરા!

હે માનવીઓ! મોંઘેરી વસ્તુ મળતી હોય તેને છોડી કેવળ સસ્તી વસ્તુના સોદા ન કરજો. કારણ કે એ મોંઘા વિના, એ જાતવંતો સિવાય, આપણા સતાવ્યા બીજું કોણ સહન કરી શકશે! – ખૂંધાં કોણ ખમશે!

[146]

વંકા રહેજો વાલમા! વંકા આદર હોય ;
વંકા વનનાં લાકડાં, કાપી ન શકે કોય.

હે વાલમ! તમે વંકા – બંકડા, સ્વમાની રહેજો, માન ને મરોડ મૂકશો નહિ. વંકાને જ આદરમાન મળે છે. વનમાં જે લાકડાં વંકા – વાંકદાર હોય છે તેને કોઈ કાપી શકતું નથી. એ રીતે તમે પણ જો માન સાચવીને રહેશો તો કોઇ તમને ઉવેખી કે ડરાવી, દબાવી નહિ શકે.

[147]

થંભા થડકે મેડી હસે, ખેલણ લાગી ખાટ ;
સો સજણાં ભલ આવિયાં, જેની જોતાં વાટ.

પરગામથી પિયુ ઘેર પાછા ફરે છે ત્યારે એની વાટ જોતી બેઠેલી સ્ત્રીનું સુખ ક્યાંય સમાતું નથી અને સ્વામીની સ્વાગત-ઘેલછામાં જાણે કે ઘરના થાંભલા આનંદથી ડોલી રહ્યા હોય, ઘર આખું હર્ષથી ખિખિયાટા કરી રહ્યું હોય અને ખાટલો પણ ઉમંગથી ગેલ કરવા મંડી પડ્યો હોય એવું એને લાગે છે.

[148]

સાજણ આયા હે સખિ, શેની ભેટ કરું?
ગજ મોતીનો થાળ લૈ, ઉપર નેન ધરું.

એવા વહાલા સાજન ઘેર આવ્યા છે ત્યારે હે સખિ! હું એમનું સ્વાગત શી રીતે કરું? એમ થાય છે કે અમોલાં ગજમોતી (હાથીના માથામાંથી નીકળતાં મોતી)નો થાળ ભરીને એની ઉપર મારી બે કીકીઓનાં રતન કાઢીને મૂકું અને પછી એ પિયુના ચરણમાં ધરી દઉં.

[149]

સાજણ આવ્યા, હે સખિ, તોડો નવસર હાર ;
લોક જાણે મોતી ચુગે, ઝુક ઝુક કરો જુહાર.

સાજન આવ્યા છે માટે તેના સ્વાગતમાં, હે સખિ, નવસરો હાર તોડીને મારગમાં મોતી વેરો, જેથી હું લળી-લળીને મારા પિયુને અ ાવકાર દેતી હોઉં છતાં લોકોને તો એમ જ લાગે કે હું વેરાયેલાં મોતી વીણું છું.

[150]

જેને સપને દેખતી, પ્રગટ હુઇ પિયુ આય ;
ડરતી આંખ ન મીંચતી, સ્વપ્ન કદી થઈ જાય.

વિરહીણી જેને કેટલાય દિવસોથી સ્વપ્નાંમાં જોયા કરતી હતી તે પિયુ સાચે જ ઘેર આવ્યા ત્યારે રખેને એ સત્ય ક્યાંક સ્વપ્નું બનીને ઊડી જાય એ બીકે એ આંખનું મટકું પણ નથી મારતી.

[151]

નેણ પદારથ નેણ રસ, નેણે નેણ મળન્ત ;
અણજાણ્યાંસું પ્રીતડી, પે'લી નેણ કરન્ત.

માણસની આંખમાં કોઈ એવું અજબ તત્ત્વ ભર્યું છે કે ચાર અજાણી આંખો પહેલવહેલી વાર મળે તોપણ તેમાંથી પ્રીત જન્મે છે.

[152]

મું મન લાગી તું મનાં, તું મન લાગી મું ;
લૂણ વળુંભ્યાં પાણીએ, પાણી વળુંભ્યાં લૂણ.

પાણીમાં મીઠું ઓગળી જઈ એકરસ બની જાય તેમ મારું ને તારું મન એકાકાર થઈ ગયાં છે.

[153]

જોતાં જેની વાટ, સજણાં તે સામાં મળ્યાં ;
ઊઘડ્યાં હૈયાનાં હાટ, કામ ન પડિયાં કુંચીનાં.

કેટલાય દિવસથી એકલી પડેલી સ્ત્રીના સૂના હૈયાનાં બારણાં બિડાઈ ગયાં હતાં. એવામાં એ જેને ઝંખતી હતી તે પિયુ ઓચિંતાના આવી પહોંચતાં વગર ચાવીએ અંતરનાં તાળાં ઊઘડી ગયાં, હૈયાનાં કમાડ આપોઆપ ખુલ્લાં મુકાઈ ગયાં.

[154]

કેસરના ક્યારા કરું, કસ્તુરીની પાજ;
નેણાંના પ્યાલા ભરું, પીવો માણારાજ.

હે મારા મનડાના માલિક! કેસરના ક્યારા કરીને તેને કસ્તુરીની પાળ બાંધું, અને પછી મારી આંખોના પ્યાલા ભરી-ભરીને તમને હું પ્રેમરસ પાઉં, એવું થઈ આવે છે.

[155]

કામન કાગ ઉડાવતી, પિયુ આયો ઝબકાં ;
આધી ચૂડી કાગ-ગળ, આધી ગઈ તડકાં.

લાંબા કાળથી દૂબળી બની ગયેલી પિયુવિજોગણ રોજેરોજ મોંઘેરા મહેમાનના આવવાની ખોટી શુકનવાણી કરતો આંગણે બેસનારો કાગડો. ખિજાયેલી નારીએ કાગ ઉડાડવાને ઉગામેલો દૂબળો હાથ. હાથ ઊછળે છે. અરધી ચૂડીઓ એ પાતળા (નિશાનબાજ) હાથમાંથી સરીને કાગડાની ડોકમાં જઈ પડે છે – તે જ પળે એકાએક આવી પહોંચેલા પ્રીતમનાં દર્શન થાય છે, ને ઓચિંતાના એ ઉલ્લાસે સ્ત્રીનાં અંગેઅંગમાં લોહી ભરાઈ આવે છે, પાતળું કાંડું ભરાવદાર બની જવાથી બાકીની ચૂડીઓ તસોતસ થઈ તૂટી પડે છે. બંને ક્રિયાઓમાં ક્ષણનો જ ફેર પડે છે.

[156]

આ તનની ભઠ્ઠી કરું, મનના કરું કલાલ ;
નેણાંના પ્યાલા કરું, ભરભર પિયો જમાલ.

હે પ્રીતમ! આ કાયાની ભઠ્ઠી કરીને તેમાં હું તમારે માટે શરાબ ગાળીશ અને પછી મારાં નયનોના પ્યાલા ભરી-ભરીને એ તમને પાઈશ.

[157]

પહેલો પહોરો રેનરો, દીવડા ઝાકમઝોળ ;
પિયુ કાંટાળો કેવડો, ધણ કંકુની લોળ.

મિલન-રાત્રિનો પહેલો પહોર છે. દીવા ઝળહળે છે. સ્વામી કાંટાળા કેવડા સરીખો સુંદર અને સુગંધમય દીસે છે. સ્ત્રી જાણે કે કંકુમાંથી સરજેલી પૂતળી લ

[158]

દૂજો પહોરો રેનરો, વધિયા નેહ-સ્નેહ ;
ધણ ત્યાં ધરતી હો રહી, પિયુ અષાઢો મેહ.

રાત્રિનો બીજો પહોર બેઠો. એ અજાણ્યા યુગલ વચ્ચે પ્રીતડી વધી પડી. પત્ની તૃષાતુર ધરણી સમ બની ગઈ, ને પિયુ અષાઢીલા મેઘ જેવો બની પ્રેમધારા વરસાવવા લાગ્યો.

[159]

ત્રીજો પહોરો રેનરો, દીવડા સાખ ભરે ;
ધણ જીતી પિયુ હારિયો, રાખ્યો હાર કરે.

ત્રીજા પહોરે દીવાની સાક્ષી રાખીને પ્રીતિના ખેલ ખેલાયા. પત્ની જીતી ને પતિ હારી ગયો. હારેલા પતિને સ્ત્રીએ કબજામાં લીધો. શી રીતે? હૈયાનો હાર કરી લઈને.

[160]

ચોથો પહોરો રેનરો, બોલ્યા કૂકડ કાગ ;
ધણ સંભાળે કંચવો, પિયુ સંભાળે પાઘ.

ચોથે પહોરે પ્રભાત પડ્યું, કૂકડા ને કાગડા બોલ્યા, સ્ત્રીએ પોતાની કાંચળી સંભાળી લીધી

ને પતિએ પાઘડી સંભાળી લીધી.

[161]

પાંચમો પહોરો દિવસરો, ધણ ઊભી ઘરબાર ;
રૂમઝૂમ રૂમઝૂમ હો રહી, ચૂડી કંકણહાર.

પાંચમે પહોરે, દિવસ વેળાએ, પત્ની ઘરને બારણે ઊભી રહી. એના હાથની ચૂડીઓ, કંકણો અને ડોકના હાર રૂમઝુમાટ કરી રહ્યા છે.

[162]

છઠ્ઠો પહોરો દિવસરો, કરિયા જિમ્મણવાર ;
તન ચોખા મન લાપસી, નેણાં ઘીની ધાર.

છઠ્ઠે પહોરે જમણ બનાવીને જમાડે છે. તનરૂપી ચોખા, મનરૂપી કંસાર ; અને તેમાં આંખોના અમી રૂપી ઘીની ધાર પિરસાય છે.

[163]

સાતમો પહોરો દિવસરો, પિયુજી વાડીએ જાય,
પિયુજી લાવે અંબફળ, ધણ ઘોળે પિયુ ખાય.

દિવસને સાતમે પહોરે પતિ વાડીમાં જાય છે. ત્યાંથી કેરીઓ લાવે છે. સ્ત્રી કેરીઓ ઘોળતી જાય છે, ને પતિ ચૂસતો જાય છે.

[164]

આઠમો પહોરો રેનરો, ચડી દીવડલે વાટ,
ધણ મરકે ને પિયુ હસે, ફેર બિછાવે ખાટ.

આઠમો પહોર બેઠો. દીવા પેટાયા. પત્ની મરક-મરક મલકી રહી છે ને પતિ હસે છે. ફરી વાર સેજ પથરાય છે.

કુંડલિયા

[1]

બંદા, બાજી જઠ હે, મત સાચી કર માન,
કહાં બીરબલ ગંગ હે, કહાં અકબ્બર ખાન.
 કહાં અકબ્બર ખાન
 ભલા કી રહે ભલાઈ ;
 કહે દીન દરવેશ,
 સૂન બે ગાફલ ગંદા,
 મત કર, સાચી માન ;
 જઠ હે બાજી બંદા.

[2]

બંદા બોત ન ફૂલીએ, ખુદા ખમેગો નાંહિ ;
જોર જુલમ કીજે નહિ, મરત લોક કે માંહિ.
મરત લોકકે માંહિ, તુજરબા તુરત બતાવે ;
જો નર કરે ગુમાન, સોઈ નર ખત્તા ખાવે.
કહે દીન દરવેશ, ભૂલ મત ગાફલ ગંદા!
ખુદા ખમેગા નાંહિ, બોત મત ફૂલો બંદા!

[3]

બંદા કહેતા, મેં કરું, કરણહાર કિરતાર ;
તેરા કહા સો ના હુવે, હોસી હોવણહાર.
હોસી હોવણહાર, ભાર નર યૂંહી લેવે ;
અનજસ કરે અપાર, નામ નારાયણ ખોવે.
કહે દીન દરવેશ, હુકમસેં પાન હલંદા ;
કરણહાર કિરતાર, તુંહીં ક્યા કરસી બંદા!

[4]

ગડે નગારા કૂચકા, છિનભર છાના નાંહિ ;
કોઈ આજ કોઈ કાલ, પાઓ પલક કે માંહિ.
પાઓ પલક કે માંહિ, સમજ રે મનવા મેરા!
ધર્યા રહે ધનમાલ, હોય જંગલમેં ડેરા.
કહે દીન દરવેશ, જતન કર જીત જુમારા ;
છિનભર છાના નાંહિ, કૂચકા ગડે નગારા.

[5]

રામ રૂપૈયા રોક હે, છિનભર છાના નાંહિ,
સાહેબ સરખા શેઠિયા, બસે નગરકે માંહિ.
બસે નગરકે માંહિ, હુંડિયાં ફિરે ન પાછી ;
ક્યા પેસેકી પ્રીત, પ્રીત સદ્ગુરુકી સાચી.
કહે દીન દરવેશ, ત્યાગ બૈરાગ તપૈયા ;
ખરચા ખૂટે નાંહિ, રામ કે રોક રૂપૈયા.

[6]

મોટા બોલ ન બોલિયેં, કહો સકલ સંસાર ;
જો મૈં બોલું સામપેં, સુનિયો સરજનહાર.
સુનિયો સરજનહાર, તુંહિ ઓર માયા તેરી ;
દામ વામ મેં લીન, લીજિયે કુમત મેરી.
કહે દીન દરવેશ, ખરા કેવે નહિ ખોટા ;
સુનિયો સરજનહાર, બોલ બોલું ના મોટા.

[7]

મેં તો ફૂલ ફકીર હું, તજિયા તીન દામ ;
અતીત હો રૂપિયા તકે, ન હે હમારા કામ.
ન હે હમારા કામ, રામ નવ રેવે રાજી,
ચદર લંગોટી સાર, દાલ રોટી લે ભાજી.
કહે દીન દરવેશ, ધ્યાન ધારનમેં ધીરા,
સુનિયો સરજનહાર, રમન્તા ફૂલ ફકીરા.

[8]

રોટી ચાદર ચાહિયે, કહા દામસે કામ,
સો હી દીન ફકીર કું, ભજે નિરંજન નામ.
ભજે નિરંજન નામ, બ્રહ્મસાગર ના ભૂલે,
નંદા વેદા બાકી, આનકમલા નહિ ફૂલે.
કહે દીન દરવેશ, ખરા કેવે ના ખોટી,
કહા દામસે કામ, ચાહિયે ચાદર રોટી.

[9]

સો ભી આવે સેજમેં, માંગે નહિ પરત,
જા કી એ હી જુગત હે, ઉનકી એસી નગત.
કહે દીન દરવેશ ફકીર, ના હોઈએ લોભી,
માંગે નહિ પરત, સેજમેં આવે સોભી.

બાજંદા

[1]

ગયા બિક્રમ ઓર ભોજ, ગયા તપ તેજ બે,
સર ઢળતે થે ચમર, સંગાસન સેજ બે.
મેડી મંડપ ગામ, કરોડાં લખ બે,
સો નર ઘર સમશાન, ઈ ખખ બે.

[2]

મગદળ બાંધે બાર, સુખમ્માણ શોભતે,
હસ હસ ખાતે પાન, પીતાંબર ઓઢતે.
ચાકર લેતે સાથ, સહેલી ચાર બે,
ભજન વિના બે કામ, ગયે નર હાર બે.

[3]

દો દો દીપક જોડ, મંદર મેં પોઢતે,
નારી સાથે નેહ, પલક ના તોડતે.
ચુઆ ચઁદન ફૂલેલ, કે કાયા ચામકી,
મરદ ગરદ હો જાય, દવાઈ રામકી.

[4]

મનકુંજર મેહમંત, ન મારા નામસેં,
સૂરા હો કે ખડગ, ન નજુઆ હામસેં.
તન મન ઇંદ્રી જીત, ન ખેલા કામસે,
કસી ભાત સે જાય, મિલેગા શામસે.

[5]

ભૂખા ભોજન દેત, ઉઘાડે કપ્પડા,
ખાયા ગુણકા લૂણ, જાયેગા બપ્પડા.
ભલી બૂરી બિાજંદ, સહેવે સાહેગા,
બિરદ કાલ ગુલામ, ગરદ હો જાયેગા.

[6]

ચૂટી સાત સલામ, કે કહિયો સામસે,
દો નેનું કો જોડ, તુમારે નામસે.
પૂજા ટેલ ટકોર, હમારી માનિયો,
હમે ચરનાં કી ખાક, નફર કર જાનિયો.

[7]

ટેઢી બંધે પાઘ, ચલે ગજ ચાલ બે,
દો બાંધે તલવાર, ઝલકતી ઢાલ બે.
એતા હી અભિમાન, કહાં ઠેરાયેગા,
જ્યૂં તેતરકો બાજ, ઝપટ લે જાયેગા.

[8]

જોરા જોબન દખ, અંગ ના મોડિયેં,
દેખિ પિયારી લચ્છુ, નેન ના જોડિયેં.
જોઈ દિયા કિરતાર, સોઈ ધન પાઇયે,
દીનો હોય કથીર, સોનોં કેસે પાઇયે.

[9]

નેકી ખરીકા હાલ, સાંચા જબ માગસે,
પાંવ જંજિરાં ડાલ, ગલે ભર ડાલસે.
મોં પર દેસે માર, આંખ પર લૂણસે,
કરતા કહતા કાળ, બચાવે કૂણસે.